ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૪/૨૦-૨૧/ 2463 . તારીખ : 19 AUG 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ,
કે.ઓ.કિશોરભાઈ કોરાટ,
આરતી પ્રોવિઝન, કુકાવાવ નાકા,
મું.બગસરા,
તા.બગસરા,
જી.અમરેલી.
મો.નં. ૯૬૬૨૦ ૨૨૪૨૦/૯૪૨૬૫ ૫૩૫૮૫.

કેસ નં.૧૦૪/૨૦-૨૧

**વિષય :** મોટી રકમનું અયોગ્ય બિલ માફ કરવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૧/૦૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૦-૨૧/૯૬૯ તા.૧૭/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૦-૨૧/૨૦૫૨ તા.૧૨/૦૭/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૦-૨૧/૨૨૪૫ તા.૨૯/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૮/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, **અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગસરા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૦૪/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૮/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી હર્ષિલ અશોકભાઈ કોરાટ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– શ્રી કે.બી. પોકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી – ૨.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ, મું.બગસરા, તા.બગસરા,જી.અમરેલી ની મોટી રકમનું અયોગ્ય બિલ માફ કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૦–૨૧/૯૬૯ તા.૧૭/૦૩/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૨/૦૮/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ વતી તેમના પૌત્ર શ્રી હર્ષિલ અશોકભાઈ કોરાટ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.બી. પોકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી – ૨. ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી ની રજૂઆત મુજબ અરજદાર શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ, મું.બગસરા,ની રજૂઆત છે કે, તેઓ ગ્રાહક નં–૮૩૫૦૧/૦૧૧૪૩/૧ થી વાણિજય હેતુ નું વિજ જોડાણ ધરાવે છે. જેમાં, લોકડાઉન પહેલા એટલે કે, તા.૧૮/૨/૨૦૨૦ નું વિજ વપરાશનું બિલ ૩૦ યુનિટ નું આવેલ હતું. ત્યારબાદ, લોકડાઉન બાદ તા.૪/૭/૨૦૨૦ નું બિલ ૮૫૮ યુનિટ ના વિજ વપરાશનું કુલ રૂા.૬,૪૫૪/– નું આપવામાં આવેલ હતું. તેમના જણાવ્યા અનુસાર તેમની દુકાનમાં એક પંખો, એક ટયુબલાઈટ અને એક વજનકાંટો છે. તેમને સરેરાશ બે મહિને આશરે ૩૦ યુનિટ જેટલો વિજ વપરાશ થાય છે. જેથી, લોકડાઉન ના સમયમાં તેમની દુકાન દિવસ ના દોઢ થી બે કલાક ના સમય માટે ખુલ્લી રહેતી હતી.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

જેથી, તા.૪/૭/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ વિજ વપરાશનું બિલ ખૂબ જ વધારે છે. વધુમાં, તેમનું વિજ મીટર બદલ્યા બાદ પણ તેમને સરેરાશ'વપરાશ ૩૦ થી ૪૦ યુનિટ નો આવે છે. જેથી, તેમને આપવામાં આવેલ ૮૫૮ યુનિટ નું બિલ રેગ્યુલર બિલ પ્રમાણે ગણતરી કરી, બાકીના યુનિટ બાદ કરી માફ કરવા જણાવે છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદાર શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ, મું. બગસરા ની રજૂઆત અન્વયે જણાવવાનું કે, તેઓ ગ્રાહક નં–૮૩૫૦૧/૦૧૧૪૩/૧ થી વાણિજ્ય હેતુ નું વિજ જોડાણ ધરાવે છે તેમને તા.૪/૭/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ ૮૫૮ યુનિટ નું વિજ બિલ માં છેલ્લા રીડીંગ ૨૭૮૦ KWH હતા. જેમાં, ગ્રાહક દ્વારા તેમનું મીટર ફાસ્ટ હોવા અંગેની અરજી કરતા, તા.૨/૧૦/૨૦૨૦ ના રોજ તેમનું મીટર બદલવામાં આવેલ. જેમાં, વિજ મીટર ના રીડીંગ ૨૮૫૬ હતા. વિજમીટર બદલ્યા બાદ વિજ મીટર ચકાસણી માટે લેબોરેટરી વિભાગ અમરેલી–૨ માં હાજર રહેવા માટે સદર ગ્રાહક ને તા.૫/૧૦/૨૦૨૦, તા.૧૨/૧૦/૨૦૨૦, તા.૧૯/૧૦/૨૦૨૦ તારીખ આપવામાં આવેલ હતી. પરંતુ, ઉપરોકત એકપણ તારીખે ગ્રાહક કે તેમના પ્રતિનિધિ હાજર ન રહેતા, તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ સદર મીટર નું એકતરફી પરીક્ષણ કરવામાં આવેલ. લેબ પરીક્ષણ વખતે મીટર ને ટેસ્ટીંગ બેઈઝ પર ટેસ્ટ લેતાં, પરિણામ એરર ૦.૦૮ % આવેલ હતી. જે નિયત મર્યાદામાં છે. તેમજ ડિસ્પ્લે ની એલઈડી લાઈટ બંધ છે. લેબ ચકાસણી શીટ નં–૧૧૯૩૬ તા.૨૩/૧૧/૨૦૨૦ ની નકલ આ સાથે સામેલ છે. આમ, લેબ રીપોર્ટના આધારે સદર વિજ મીટર ફાસ્ટ ન હોવાથી, મીટર માં નોંધાયેલ વિજ વપરાશ બરાબર છે. તેમજ મીટર માં નોંધાયેલ વિજ વપરાશ પ્રમાણે ગ્રાહક ને વિજ બિલ આપવામાં આવેલ છે. જેથી, ગ્રાહક ને આપવામાં આવેલ માહે મે–જુન–૨૦૨૦ નું વિજ વપરાશનું બિલ બાદ/જમા આપી શકાય તેમ નથી.
જે આપની નમ્ર જાણ સારૂં.

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ભગવાનભાઈ વશરામભાઈ કોરાટ, ના નામનું NRGP ટેરીફ હેઠળ ગ્રાહક નં–૮૩૫૦૧/૦૧૧૪૩/૧ થી સીંગલ ફેઈઝ જોડાણ ગામ–બગસરા માં ધરાવે છે. વાદીની ફોરમને રજૂઆત છે કે, તા.૪/૭/૨૦૨૦ ના રોજ તેઓને પ્રતિવાદી તરફથી આપવામાં આવેલ વિજ વપરાશનું ૮૫૮ યુનિટ નું બિલ ખૂબ જ વધારે છે. તેમજ તેમની એવરેજ વપરાશ કરતા ખૂબજ મોટી રકમનું છે.

૩.૨ વાદી તેના NRGP વિજ જોડાણ માં એક પંખો, એક ટ્યુબ અને એક વજનકાંટો ધરાવે છે. (આશરે ૧૦૦ વોટ).

૩.૩ પ્રતિવાદી એ તા.૪/૭/૨૦૨૦ ના રોજ વાદીને ૮૫૮ યુનિટ ની વિજ વપરાશનું રૂા.૬,૫૨૮/– ની રકમનું વિજ બિલ આપેલ છે.

૩.૪ વાદી કરીયાણાની દુકાન ધરાવે છે. તેમજ લોકડાઉન ના એપ્રિલ–મે–જુન–૨૦૨૦ ના સમય દરમ્યાન ખૂબ જ મર્યાદીત વિજ વપરાશ હતો. તેમજ વાદીના વિજ સ્થાપન પર આશરે ૧૦૦ વોટ નો લોડ જોડેલ છે.

૩.૫ તા.૨/૧૦/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ વાદીનું વિજ સ્થાપન પરનું મીટર બદલાવી લેબોરેટરીમાં તેનું પરીક્ષણ કરતા, મીટર બરોબર માલૂમ પડેલ. તેમજ મીટરનો MRI ડાઉનલોડ થઈ શકેલ નહી. આથી, વાદીની વિજ વપરાશ કયા દિવસોમાં વધેલ છે અથવા તો, વધુ વિજ વપરાશનું કારણ જાણી શકાયેલ નથી.

૩.૬ પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પરની એવરેજ વાર્ષિક વિજ વપરાશ (PRT-884) રજૂ કરેલ છે. તે મુજબ વાર્ષિક વિજ વપરાશ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વાર્ષિક વિજ વપરાશ | રીમાર્ક |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧ | ૫૧ યુનિટ | |
| ૨ | ૨૦૧૨ | ૫૯ યુનિટ | |
| ૩ | ૨૦૧૩ | ૫૮ યુનિટ | |
| ૪ | ૨૦૧૪ | ૬૨ યુનિટ | |
| ૫ | ૨૦૧૫ | ૩૭ યુનિટ | |
| ૬ | ૨૦૧૬ | ૧૮ યુનિટ | |
| ૭ | ૨૦૧૭ | ૨૨ યુનિટ | |
| ૮ | ૨૦૧૮ | ૪૨ યુનિટ | |
| ૯ | ૨૦૧૯ | ૨૭ યુનિટ | |
| ૧૦ | ૨૦૨૦ | ૧૭૧ યુનિટ | (તા.૪/૭/૨૦૨૦ નું ૮૫૮ યુનિટ નું વિજ બિલ ગણતાં) |

P.G.V.C.L. Bhavnagar

૩.૭ વાદીની વાર્ષિક વિજ વપરાશ જોતાં, અને વાદીના વિજ સ્થાપન પરનો જોડેલ લોડ જોતાં, ૨ માસમાં ૮૫૮ યુનિટ ની વપરાશ શકય જણાતી નથી. તેમજ પ્રતિવાદીએ વાદીના મીટર નો MRI રજૂ કરેલ ન હોય, વાદીને આપેલ ૮૫૮ યુનિટ નું વિજ વપરાશનું બિલ રદ કરવાને પાત્ર છે.

૩.૮ તારણ નં–૩.૭ ને ધ્યાનમાં રાખી હુકમ કરવામાં આવે છે કે, વાદીને તા.૨૦/૪/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ ૮૫૮ યુનિટ નું બિલ રદ કરવું. તેમજ તા.૨/૧૦/૨૦૨૦ ના રોજ વાદી નું મીટર બદલાયા બાદના ત્રણ વિજ બિલ ના વપરાશ ના યુનિટ ની એવરેજ ની ગણતરી કરી, વિજ બિલ આપવું.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( — )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૦૮/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar